**<u>સોગંદ આપ્યા.....</u>**

**<u>વાદી ભુદરભાઈ નાનજીભાઈ કોળીના કુલમુખત્યાર દરજ્જે કીરીટસિંહ દશરથસિંહ પરમારની આંક–૧૪૨ની સરતપાસ લગત પ્રતિવાદીઓ તર્ફે વધુ ઉલટ તપાસ વિ.વ.શ્રી વી.એમ. જેઠલોજા</u>**

(૧) મને હાલના દાવા અંગે તથા સદરહું જમીનો અંગે થયેલ તમામ લીટીગેશનો અંગેની માહીતી છે. હાલના દાવાના કામે અમોએ દાવાની સાથે આ જમીનના કબજા અંગેનો મનાઈહુકમ માંગેલો હતો. એ વાત ખરી છે કે હાલના દાવાના કામે અમારી મનાઈહુકમની અરજી નામ. કોર્ટે રદ કરેલ છે. એ વાત ખરી છે કે અમારી કબજા અંગેની મનાઈહુકમની અરજી અત્રેની અદાલત દ્રારા નામંજુર કર્યા બાદ અમે તે હુકમ સામે આગળ કોઈ કાર્યવાહી કરેલ નથી. હાલના દાવા સિવાય અમોએ મોરબી કલેકટર કચેરીમાં દાવાવાળી જમીન અંગે અપીલ કરેલ હતી. અમારી મોરબી કલેકટરશ્રી સમક્ષ કરેલી અપીલ નામંજુર થયેલ છે. એ વાત ખરી છે કે મોરબી કલેકટરશ્રી દ્રારા અપીલ નામંજુર કરેલ તે સામે અમે આજદિન સુધી કોઈ કાર્યવાહી કરેલ નથી. મે મારી સરતપાસનું સોગંદનામું આશરે ૨–૩ મહીના પહેલા કરેલ છે. એ વાત ખરી છે કે મે મારું સરતપાસનું સોગંદનામું રજુ કરેલ તે પહેલા જીલ્લા કલેકટરશ્રી, મોરબીનો અમારી અપીલ નામંજુર કરવાનો હુકમ આવી ગયેલો. એ વાત ખરી છે કે મારી સરતપાસના સોગંદનામામાં મે. જીલ્લા કલેકટરશ્રી, મોરબીના અપીલ અંગેના હુકમની કોઈ હકીકત જણાવેલ નથી.

(૨) હાલના દાવા સિવાય મારા ગુજરનાર પિતાશ્રી દશરથસિંહ જોરુભા સામે અત્રેની કોર્ટમાં અન્ય ૩ દાવાઓ ચાલે છે આ ૩ દાવા સિવાય અન્ય કોઈ દાવા અગાઉ કોઈપણ જમીનના થયેલ નથી. મને આંક–૧૦૬ બતાવવામાં આવે છે જે જોઈને કહું છું કે સદર લખાણ તે સબ રજીસ્ટ્રારશ્રીની કચેરીમાં નોંધાયેલ દસ્તાવેજ નથી. એ વાત ખરી છે કે સદર આંક–૧૦૬વાળા દસ્તાવેજમાં ખેતરનો કોઈ સર્વે નંબર લખેલ નથી. એ વાત ખરી છે કે સદર આંક–૧૦૬વાળા દસ્તાવેજમાં બે સાક્ષીઓની સહી નથી. એ વાત ખરી છે કે સદર આંક–૧૦૬વાળો કહેવાતો દસ્તાવેજ થયેલ ત્યારે મારો જન્મ પણ થયેલ ન હતો. એ વાત ખરી છે કે સદર આંક–૧૦૬વાળા

દસ્તાવેજના આધારે ભુદર નાનજી કોળી કે તેમના કોઈપણ વારસદારોએ હાલના દાવા પહેલા કોઈ જ દાવાઓ કરેલ નથી. એ વાત ખરી છે કે આંક–૧૦૬વાળા દસ્તાવેજમાં મારા ગુજરનાર પિતાશ્રી દશરથસિંહ જોરુભાની કોઈ સહી,અંગુઠો નથી. એ વાત ખરી છે કે સદર આંક–૧૦૬વાળા દસ્તાવેજમાં એક ખેતરનો જ ઉલ્લેખ છે. એ વાતની મને ખબર નથી કે આંક–૧૦૬વાળું લખાણ અંગેનો સ્ટેમ્પ પેપર ખરીદવા કોણ ગયેલ હશે. એ વાત ખરી છે કે આંક–૧૦૬વાળું લખાણ નવા દેવળીયા ગ્રામ પંચાયતમાંથી કઢાવેલી ખરીનકલ નથી. એ વાત ખરી છે કે દાવા તળેની બંન્ને જમીનો એટલે કે સર્વે નં.૬૭૬/૩ તથા ૭૪૪ બંન્ને જમીનો નોંધાયેલા ટુકડાવાળી જમીનો છે. એ વાત હું જાણું છું કે ટુકડા તરીકે નોંધાયેલી જમીન પ્રતિબંધીત રીતે વેચાણ થઈ શકે નહીં તેવા પ્રકારની જમીન હોય છે. એ વાત ખરી છે કે આ બંન્ને જમીનો વેચાણ કરવા અંગે ટુકડાધારા અંર્તગત કોઈ મંજુરી ભુદર નાનજી કોળીએ કે અમારા ગુજરનાર પિતાશ્રી દશરથસિંહ જોરુભાએ લેવા માટે કોઈ કાર્યવાહી કરેલ હોય તેવું આજદિન સુધી બનેલ નથી. મને આંક–૧૨૦ બતાવવામાં આવે છે જે જોઈને કહું છું કે સદર દસ્તાવેજો તે જમીનની પંચાયત કચેરીએ ભરેલી મહેસુલની પહોંચો છે જે બંન્ને પહોંચોમાં ખાતેદાર પ્રભાતસંગ કેસરીસંગના નામની આ બંન્ને પહોંચો છે. એ વાત ખરી છે કે આ બંન્ને પહોંચોમાં કોઈ સર્વે નંબરનો ઉલ્લેખ થયેલ નથી. મને આંક–૧૨૧ બતાવવામાં આવે છે જે જોઈને કહું છું કે સદર દસ્તાવેજમાં પણ મારી કે અન્ય કોઈ સાક્ષીઓની સહીઓ નથી. મને આંક–૭૬ બતાવવામાં આવે છે જે જોઈને કહું છું કે સદર દસ્તાવેજમાં પણ મારી કે અન્ય કોઈ સાક્ષીઓની સહીઓ નથી.એ વાત ખરી છે કે આંક–૭૬વાળા દસ્તાવેજ અંગેનો સ્ટેમ્પ પેપર ખરીદ કરવા માટે કોણ ગયેલ હતું તે મને ખબર નથી. એ વાત ખરી છે કે સદર આંક–૭૬વાળો દસ્તાવેજ તે સબ રજીસ્ટ્રારે નોંધાયેલ ડોકયુમેન્ટ નથી. એ વાત ખરી છે કે આંક–૭૬વાળો અસલ દસ્તાવેજ મે આજદિન સુધી કોર્ટમાં રજુ કરેલ નથી. એ વાત ખરી છે કે આંક–૭૬વાળા દસ્તાવેજ વખતે હું હાજર ન હતો. એ વાત ખરી છે કે વાદીને હાલની દાવાવાળી જમીનની આજુબાજુમાં અન્ય કોઈ જમીનો આવેલી નથી. મારા ગુજરનાર પિતાશ્રી દશરથસિંહ જોરુભા પાસે એક જ જમીન છે જેના સર્વે નંબર મને યાદ નથી. મે જણાવેલ મારા પિતાશ્રીના નામે નોંધાયેલ

એક જ સર્વે નંબર સિવાય અન્ય કોઈપણ જમીનનો કબજો ભોગવટો કે માલીકી તેઓની પાસે ન હતી. એ વાત ખરી છે કે હાલની દાવાવાળી બંન્ને જમીનો તે રેવન્યુ રેકર્ડમાં કે સબ રજીસ્ટ્રાર કચેરીએ કયારેય પણ વાદીના નામે નોંધાયેલી હતી નહીં કે છે નહીં. એ વાતની મને ખબર નથી કે ઘનુભા પ્રભાતસંગ નામની કોઈ વ્યકિત છે કે કેમ. હવે હું જણાવું છું કે ઘનુભા પ્રભાતસંગ નામની વ્યકિત છે. હું ઘનુભા પ્રભાતસંગ નામની વ્યકિતને કયારેય મળેલ નથી. એ વાત ખરી છે કે હું ઘનુભા પ્રભાતસંગ નામની વ્યકિતને કયારેય મળેલ નથી માટે તે નામની કોઈ વ્યકિત છે કે કેમ તે હું કહી શકું નહીં. મને ચર્તુદીશામાં ખબર પડે છે. સર્વે નં. ૭૪૪વાળી જમીનની પશ્ચિમ બાજુએ વોકળો આવેલ છે અને પશ્ચિમ બાજુએ આ વોકળા બાદ સર્વે નં. ૭૭૬ પૈકી ૩ વાળી જમીન આવેલ છે. એ વાત ખરી છે કે હાલના દાવાના કામે મે દાવા તળેની જમીનોમાં અમોએ વાવેતર કરેલ હોય તે દર્શાવતા કોઈ પુરાવા આ કામે રજુ કરેલ નથી. એ વાત ખરી છે કે દાવાવાળી જમીનોમાં અમોએ ઉપજ નીપજ લીધેલ હોય તે દર્શાવતા કોઈ પાક વેચાણના બીલો આ કામે રજુ કરેલ નથી. એ વાત ખરી છે કે દાવાવાળી જમીનોમાં ખેતીકામ માટે અમોએ ખાતર,બીયારણ કે જંતુનાશક દવાઓ ખરીદ કરેલ હોય તેના પણ કોઈ બીલો આ કામે રજુ કરેલ નથી. એ વાત ખરી નથી કે દાવાવાળી જમીનોમાં અમારો કોઈ જ કબજો,ભોગવટો કે માલીકી ન હોવા છતાં અમોએ તદન ખોટો દાવો કરેલ છે. એ વાત ખરી નથી કે દાવાવાળી જમીનોમાં આ કામના પ્રતિવાદીએ પોતાના વડવાઓ વખતથી ઉતરોતર વારસાઈ રુ એ વાવે ખેડે છે અને ઉપજ નીપજ લે છે. એ વાત ખરી છે કે આ કામના પ્રતિવાદીઓ સામે અમોએ આજદિન સુધી કોઈ ફોજદારી ફરીયાદ દાખલ કરેલ નથી. એ વાત ખરી છે કે સદરહું દાવાવાળી જમીનો અમારા નામે રેવન્યુ રેકર્ડમાં નોંધવા અંગે અમોએ આજદિન સુધી કોઈ અરજ અહેવાલ કરેલ નથી. એ વાત ખરી છે કે આ કામના પ્રતિવાદીઓના નામે રેવન્યુ રેકર્ડમાં પડેલી ઉતરોતરની તમામ નોંધો તે આજની તારીખે અમલમાં છે અને કોઈપણ નોંધો ગેરકાયદેસરની હોવાનો કે રદ કરેલ હોવાનો કોઈ સક્ષમ ઓથોરીટીનો હુકમ થયેલ નથી. એ વાત ખરી નથી કે આ કામના પ્રતિવાદીઓએ અમો પાસેથી પાંચ લાખ રુપીયા આપો નહીંતર જમીન ખાલી કરી નાખો એવું જણાવેલું નથી. એ વાત ખરી

નથી કે પ્રતિવાદીઓએ વાદી પાસેથી પોતે કબજો પડાવી લેશે તેવી કોઈ ધાક ધમકી આપેલ હોવાનું મે દાવામાં ખોટું જણાવેલ છે. એ વાત ખરી નથી કે અમોને દાવાનું કોઈ જ કાયદેસરનું કારણ ઉભું થયેલ નથી.

(૩) હાલની આ દાવાવાળી જમીનની હાલની બજાર કિંમત આશરે એક વીઘાના ૩ થી ૪ લાખ રુપીયા કીમત ગણાય. સને ૨૦૧૫માં દાવો દાખલ કર્યો ત્યારે દાવાવાળી જમીનની એક વીઘાની કીમત બે લાખ રુપીયા હશે. મે હાલનો દાવો અંદાજે પાંચ વીઘા જમીનનો કરેલ છે. એ વાત ખરી છે કે દાવા તારીખે દાવાવાળી જમીનની કુલ બજાર કીમત આશરે દસ લાખ રુપીયા થાય. એ વાત ખરી નથી કે સોગંદ ઉપર જુબાની આપું છું.

ફેરતપાસ નથી.

સ્થળ:- હળવદ.

તારીખ:- ૦૭/૮/૨૦૨૬

સાહેદને જુબાની વાંચી સંભળાવતા તે ખરી હોવાનું કબુલ કરે છે.

મારી રૂબરૂ,

( નિમિષા ગંગારામભાઈ સુરતી)

પ્રિન્સીપાલ સિનિયર સિવિલ જજ,હળવદ

પ્રિન્સીપાલ સિનિયર સિવિલ જજ,હળવદ